Seat No. ______________

# HW-1601010301020402

## B. A. (Sem. II) (CBCS)

## (W.E.F. 2016) Examination

**May - 2023**

## Gujarati (Elective-2)

***(Gujarati Vyakrana, Sarjanlekhan Kaushal-2)***

***(Old Course)***

Time : $2\frac{1}{2}$ Hours / Total Marks : **70**

**સૂચના :** (1) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** પ્રશ્નો છે.

(2) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

**1** નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. **14**

''1917માં ગાંધીજીએ અમને દરિદ્રનારાયણનું સાચું દર્શન કરાવ્યું. તેમણે બતાવ્યું,'' શાહીબાગના મહેલોમાં ભારતની જનતા નથી, જનવિરાટ તો વસે છે ભારતના ગામડાંમાં. ખેડા સત્યાગ્રહ વખતે તેમણે અમને સૌને આદેશ આપ્યો, 'જાઓ, પંદર દિવસમાં પચાસ ગામડાં ખૂંદી વળી શું જોયું તે મને કહો! પગે ચાલતા જાજો! મીઠાઈ-મેવા ખાધાં તો ખબરદાર! ખજૂર ચણા ખિસ્સામાં નાખીને જજો!'

અમે ગામડાંના દર્શને ઊપડ્યા. ગામડાં જોયા અને આંખ ફાટી..... દરિદ્રનારાયણના, ભારતના જનવિરાટના સૌપ્રથમ દર્શન લાધ્યા, અંતરમાં સદાને માટે વાત વણાઈ ગઈ. ભારત ગામડાંમાં વસે છે, શહેરોમાં નહીં.''

**- ઈન્દુલાલ યાજ્ઞિક**

**અથવા**

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત, કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતા જો આપણે આર્ય અને પ્રસન્ન

જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એની મેળે ફૂટી નીકળશે. બારડોલીનાં ખેતરોમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઈએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદાત્ત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.

**- કાકા કાલેલકર**

**2** નીચે પૈકી બેમાંથી કોઈપણ એક ગદ્યખંડનું સંક્ષેપ્તીકરણ કરો : **14**

ધર્મની ચાર વાતો અરણ્યની ગુફામાં બેસીને કરવાથી ધર્મ આવડતો નથી. અરણ્યની ગુફાએ પ્રાચીન દાખલો લીધો, પણ વર્તમાન સમયની ગુફાઓ થોડી નથી : યુનિવર્સિટી, પુસ્તકશાળા, પ્રાર્થનામંદિર વગેરે આ જાતની ગુફાઓ છે, એમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન જ્યાં સુધી વ્યવહારની કસોટીએ ચડતું નથી, ત્યાં સુધી એ સિદ્ધ અને સંસ્કારી બનતું નથી.

અમારા વખતના એક શિક્ષક માટે એવી વાત ચાલતી કે, એમને ઘોડા પર બેસતા આવડતું નહોતું, પણ એ ગુરુત્વમધ્યબિંદુનો સિદ્ધાંત જાણતા હતા અને તેથી ગુરુત્વમધ્યબિંદુની રેખા ઘોડામાં રાખવી એ કરતાં મનુષ્યે ઘોડે બેસવામાં કંઈ વિશેષ કરવાનું નથી, એમ તેઓ સમજતા હતા. આવી સમજથી તેઓ ઘોડે બેઠા, પણ ઘોડાએ એમની સમજને માન ન આપ્યું, આપણો વ્યવહાર એ પણ આવો જ ઘોડો છે, એણે સમતાનો સિદ્ધાંત જાણનાર અસંખ્ય ઘોડે સવારોને પાડ્યા છે, અને આપણને પ્રતિદિન કેટલી બધી વાર પાડે છે, અનો સાક્ષી આપણો આત્મા જ છે.

**-આનંદશંકર ધ્રુવ**

**અથવા**

જીવનના ઊંડામાં ઊંડા અને વ્યાપકમાં વ્યાપક તમામ આવિર્ભાવોનો સમાસ ભાગ્યે જ થાય છે. વળી, એ પ્રવૃત્તિઓ પણ તે તે પ્રવૃત્તિઓને ખાતર હોતી નથી, ન હોવી જોઈએ. જો કળા કળાને ખાતર નથી, તો નીતિ પણ નીતિને ખાતર ન હોઈ શકે, ધર્મ ધર્મને ખાતર ન હોઈ શકે, સ્વતંત્રતા સ્વતંત્રતાને ખાતર ન હોઈ શકે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પણ છેવટે તો અસ્તિત્વનાં જીવનમાં આદિમ અને ચરમ તત્ત્વ એવાં સત્, ચિત્ત અને આનંદ સાધવા માટે છે. બીજી પ્રવૃત્તિઓ અને કળાની વચ્ચે એ ફેર છે કે કળાઓ ધ્યેય તરફ વધારે સીધી રીતે ગતિ કરે છે. કળાના આ સીધા ઊર્ધ્વ પ્રવાહને પોતાના કુંઠિત વાહનવાળા વહેણમાં વાળવા ઈચ્છવો એમાં કળાને તે પ્રવૃત્તિને કશો લાભ નથી.

કળા કળાની રીતે વિચરણ કરે તેમાં જ સૌને ઉત્તમ પ્રાપ્ત છે. કળાકારે, કવિએ, વિવેચકે અને સમસ્ત સમાજે એ જોવાનું છે કે કવિના આનંદની અને સૌંદર્યની સૃષ્ટિને કેટલી સાકાર કરે છે.

**-'સુન્દરમ્'**

3 વિરામચિહ્ન એટલે શું? વિરામચિહ્નના પ્રકારો ઉદાહરણ સહિત સમજાવો. **14**

**અથવા**

3 નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફકરો ફરીથી લખો. **14**

અરે તું મારા દીકરાના પેટમાં ચાકુ મારે તે હું તારું કલેજું ના ખાઈ જાઉં તો શું તને પોંખું બેગમ રાજાએ કહ્યું પણ પછી જરા નરમ થઈને કહે પણ તારો લાલ છે ક્યાં જરા જોઉં તો ખરી ખરેખર એને જ વાગ્યું છે કે અમથી અમથી બકબક કર્યા કરે છે

4 દ્વંદ્વ અને કર્મધારય સમાસની વ્યાખ્યા આપી ઉદાહરણ સહિત સમજાવો. **14**

**અથવા**

4 તત્પુરુષ અન ઉપપદ સમાસની વ્યાખ્યા આપી સદૃષ્ટાંત સમજાવો. **14**

5 (અ) નીચેનામાંથી કોઈપણ સાત રૂઢિપ્રયોગોનો અર્થ આપો : **7**

| | |
|---|---|
| (1) પેટમાં સમાવવું | (2) વારી જવું |
| (3) કાળજું કઠણ કરવું | (4) આડખીલીરૂપ બનવું |
| (5) બે પાંદડે થવું | (6) ખોળો પાથરવો |
| (7) ભાંગરો વાટવો | (8) પથ્થર પણ પાણી |
| (9) ગાંઠનું ગોપીચંદન કરવું | (10) ચણાના ઝાડ પરથી કૂદી પડવું |
| (11) ઘોળીને પી જવું | (12) ભાવ પૂછવો. |
| (13) ડંકો વગાડવો | (14) રોદણાં રોવાં |

(બ) નીચેનામાંથી કોઈપણ સાત રૂઢિપ્રયોગોનો અર્થ આપો : 7

(1) ભેંસ આગળ ભાગવત

(2) પેટનો બળ્યો ગામ બાળે.

(3) રાત થોડી ને વેશ ઝાઝા

(4) ચોરનો ભાઈ ઘંટી ચોર

(5) અધૂરો ઘડો છલકાય ઘણો

(6) જેવી કરણી એવી ભરણી

(7) સંપ ત્યાં જંપ

(8) વાડ વિના વેલો ન ચડે

(9) ઊજળું એટલું દૂધ નહીં

(10) દુકાળમાં અધિક માસ

(11) પારકી મા જ કાન વીંધે

(12) ઉજ્જડ ગામમાં ઢોલ બાજે

(13) શેઠની શિખામણ ઝાંપા સુધી

(14) પારકી આશ સદા નિરાશ

---